ખેડા પાલિકામાં ‘વિકાસ’ના નામે ભ્રષ્ટાચારનો ‘ડોઝ’ | મુખ્યમંત્રીના ગુણવત્તાના આદેશો નેવે મુકાયા

# ખેડામાં બે મહિનામાં જ રોડ તૂટી ગયો!

**રાજકીય** ઓથા હેઠળ પેટા કોન્ટ્રાક્ટરોએ ખેડાના રસ્તાઓને ‘ખાડા’માં નાખ્યાં



(પ્રતિનિધિ) ખેડા તા.૨૪

ખેડા નગરપાલિકા વિસ્તારમાં વિકાસના નામે કરોડો રૂપિયાના આંધણ થઈ રહ્યા છે, પરંતુ જમીની હકીકત કંઈક જુદી જ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ્યમાં ગુણવત્તાયુક્ત કામો કરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હોવા છતાં, ખેડા પાલિકાના સત્તાધીશો અને કર્મચારીઓ આ આદેશોને ‘ઘોળીને પી ગયા’ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં તાજેતરમાં બનેલા લાખોના ખર્ચના આરસીસી રોડ માત્ર બે મહિનામાં જ તૂટી જતાં જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ અને ભ્રષ્ટાચાર ખુલ્લેઆમ દેખાઈ રહ્યો છે.

સૂત્રો અને પ્રાપ્ત વિગતો અનુસાર, ખેડા પાલિકામાં જે એજન્સીઓના ટેન્ડર મંજૂર થાય છે, તે મૂળ એજન્સીઓ કામ કરવાને બદલે રાજકીય વગ ધરાવતા લોકોને ‘પેટા કોન્ટ્રાક્ટ’ આપી દે છે. આ રાજકીય ઓથાવાળા લોકો નફાની લાલચમાં હલકી ગુણવત્તાનું કામ કરી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. અધિકારીઓ અને સત્તાધીશોની મિલીભગતથી ચાલતા આ ખેલમાં જનતાને સુવિધાને બદલે ભવિષ્યમાં ફરી નવા કામો મળે તેવા ‘બદઈરાદા’ સાથે કામો કરવામાં આવી રહ્યા છે.

જ્યારે શહેરના જાગૃત નાગરિકો આ વિકાસકામોની વિગતો કે ગુણવત્તા બાબતે માહિતી માંગે છે, ત્યારે પાલિકાના કર્મચારીઓ સચોટ વિગતો આપવાને બદલે ‘અરજી કરો’ કહીને ઉડાવ જવાબો આપે છે. આક્ષેપ છે કે જાણીબુઝીને માહિતી છુપાવવામાં આવે છે જેથી હલકા કામો પૂર્ણ કરી બિલો ચૂકવી શકાય અને ગુનાહિત બેદરકારી પર પડદો પાડી શકાય.

અગાઉ પણ ભ્રષ્ટાચારના આચરણથી લાખોનું નુકસાન વેઠનારી ખેડા નગરપાલિકામાં હવે રાજ્ય સરકાર સીધો હસ્તક્ષેપ કરે અને મુખ્યમંત્રીની સૂચનાનું પાલન કરાવી પારદર્શી વહીવટ સ્થાપિત કરે તેવી માંગ ઉઠી છે. શું સત્તાધીશો સામે તપાસ થશે કે પછી કાગળ પર જ ‘વિકાસ’ દોડતો રહેશે ?

### માત્ર ૬૦ દિવસમાં જ રોડના ફજેતા

ખેડા કેમ્પ વિસ્તારમાં આવેલા ખ્રિસ્તીવાસથી મુસ્લિમ કબ્રસ્તાન રોડ અને પાળીયાદેવ મહાદેવના પાછળના ભાગમાં માત્ર ૨ મહિના પહેલા જ આરસીસી રોડ બનાવવામાં આવ્યો હતો. લાખોના ખર્ચે બનેલો આ રોડ અત્યારથી જ ઠેર-ઠેરથી તૂટી ગયો છે, જેને લઈ સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### જાગૃત નાગરિકની લડત

ખેડા કેમ્પ વિસ્તારના રહીશ ભૂપેન્દ્રભાઈ રાવળ દ્વારા આ મામલે મૌખિક રજૂઆતો બાદ હવે લેખિતમાં પાલિકામાં અરજી કરવામાં આવી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે એજન્સી દ્વારા કામમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે અને તેની તપાસ થવી જરૂરી છે.

## નડિયાદની સાત સ્વરૂપ હવેલીના ઇતિહાસમાં સૌપ્રથમવાર અલૌકિક ‘ચૂંદડી મનોરથ’ યોજાયો



નડિયાદમાં હિન્દુ સનાતન સંસ્કૃતિમાં પવિત્ર મનાતા પુરૂષોત્તમ માસ (અધિક માસ) નિમિત્તે વડવાકુવા સ્થિત સાત સ્વરૂપની હવેલી ખાતે એક ઐતિહાસિક અને દિવ્ય પ્રસંગ ઉજવાયો હતો. હવેલીના ઇતિહાસમાં સૌપ્રથમવાર મથુરાના વિશ્રામ ઘાટની શૈલીમાં ચૂંદડી મનોરથ તથા યમુના પૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મંદિરના મુખ્યાજી કૃષ્ણા ગોપાલ દ્વારા આ દિવ્ય અને અલૌકિક દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભક્તો ઉમટી પડ્યા હતા અને યમુનાષ્ટકના પાઠ દ્વારા સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણમાં ગુંજી ઉઠ્યું હતું. અધિક માસમાં દાન-પૂજાના અનેરા મહિમા વચ્ચે વૈષ્ણવ સૃષ્ટિએ આ દુર્લભ મનોરથના દર્શન કરી ધન્યતા અને નિજાનંદની અનુભૂતિ કરી હતી.

# બોરસદમાં ટેમ્પો અને રિક્ષા વચ્ચે અકસ્માતમાં એકનું મોત

**કસારી** ચોકડી પાસે અકસ્માતમાં ઘવાયેલા રિક્ષા ચાલકનું સારવારમાં મોત

(પ્રતિનિધિ) બોરસદ તા.૨૪

બોરસદ તાલુકાના કસારી ગામના ધુવારણ રોડ કસારી ચોકડી પાસે એક પૂરઝડપે આવી રહેલા ફોર વ્હીલર ટેમ્પાએ રિક્ષાને જોરદાર ટક્કર મારતાં રિક્ષા ચાલક યુવકનું મોત નિપજ્યું હતું. આ અંગે બોરસદ શહેર પોલીસે ટેમ્પા ચાલક સામે ગુનો નોંધ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કસારી કાશીપુરા સીમ વિસ્તારમાં રહેતો દીપકભાઈ રાયસીંગભાઈ પઢીયાર (ઉ.વ. ૨૮) ગઈકાલે રાત્રે પોતાની સી એ નજી રિક્ષા (જીજે-06-એવાય-1683) લઈને કસારી ચોક ડી પાસેથી પસાર થઈ ર હ્યો હતો. આ દરમિયાન ધુવારણ તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક ફોર વ્હીલર ટેમ્પાના (જીજે-23-વાય-5480) ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત બાદ ગંભીર રીતે ઘવાયેલા દીપકભાઈને ૧૦૮ મારફતે પ્રથમ બોરસદની ખાનગી હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા SSG હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. સમગ્ર અકસ્માત મામલે મૃતકના નાના ભાઈ રાજેશભાઈ પઢીયારે બોરસદ સિટી પોલીસ સ્ટેશનમાં ફરાર ટેમ્પો ચાલક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ખંભાત નગરપાલિકાના વોર્ડ નં-3 માં હલકી ગુણવત્તાના કામ સામે રહીશોનો ભારે રોષ

# ખંભાતમાં ભ્રષ્ટાચારની ગટર ઉભરાઈ:22 લાખનો નવો રોડ ગંદા પાણીમાં ગરકાવ

**પ્રાંત અધિકારીને** આવેદન આપી તટસ્થ તપાસની માંગ કરી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૪

ખંભાત નગરપાલિકાના પ્રશાસન અને કોન્ટ્રાક્ટરની મિલીભગતને કારણે શહેરના વોર્ડ નંબર 3 માં વિકાસના નામે વિનાશ જેવી સ્થિતિ સર્જાઈ છે. મહંમદી સોસાયટીથી બાબુશાહ કબ્રસ્તાન અને ક્રિષ્ના હોસ્પિટલ તરફ જતો લાખોના ખર્ચે બનેલો નવો માર્ગ ગણતરીના દિવસોમાં જ નરકાગારમાં ફેરવાઈ ગયો છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં તંત્ર સામે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.



ખંભાત નગરપાલિકા દ્વારા આશરે 22 લાખના ખર્ચે નવી ગટર લાઈન અને 17 લાખથી વધુના ખર્ચે નવો રોડ બનાવવામાં આવ્યો હતો. આ કામગીરી ‘કેવિન એન્ટરપ્રાઈઝ’ ના કોન્ટ્રાક્ટર અને પાલિકાના એન્જિનિયરની દેખરેખ હેઠળ થઈ હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે, ગટર લાઈન નાંખતી વખતે પાઈપોની નીચે જરૂરી કોંક્રિટ પાથર્યા વિના જ માટી પૂરી દેવામાં આવી હતી, પરિણામે રોડ બન્યાના ટૂંક સમયમાં જ ગટરની પાઈપો બેસી ગઈ છે અને ઠેર-ઠેર મસમોટા ભૂવાઓ પડ્યા છે.

જાગૃત નાગરિકોના જણાવ્યા મુજબ, આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ હોવા છતાં જાહેરનામાનો સરેઆમ ભંગ થઈ રહ્યો છે. પ્રતિબંધિત ભારે વાહનોના કારણે નબળી ગુણવત્તાવાળી ગટર લાઈન દબાઈ ગઈ છે અને રસ્તા પર ગંદા પાણી ફરી વળ્યા છે. વહીવટી તંત્ર દ્વારા નિયમ તોડતા વાહનો સામે કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી.

આ ગંદકી અને અસહ્ય દુર્ગંધથી ત્રસ્ત મહંમદી સોસાયટીના રહીશોએ પૂર્વ કાઉન્સિલર તૌસીફ સૈયદ અને ચૂંટાયેલા કાઉન્સિલર સાવજસિંહ ગોહિલની આગેવાનીમાં પ્રાંત અધિકારીને લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું છે. સ્થાનિકોએ આ સમગ્ર કામમાં થયેલા ભ્રષ્ટાચારની તટસ્થ તપાસ કરી જવાબદાર કોન્ટ્રાક્ટર અને એન્જિનિયર સામે કડક પગલાં લેવાની ઉગ્ર માંગ કરી છે.

# સંતરામપુરમાં વ્યાજખોરે 50 હજાર સામે 1.10 લાખ વસુલ્યાં

**પિતાના અવસાન** બાદ પણ પુત્ર પાસે વધુ ૨.૪૫ લાખની પઠાણી ઉઘરાણી કરી

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૪

સંતરામપુર તાલુકાના સીમલીયા ગામમાં વ્યાજખોરીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સંતરામપુરના સીમલીયા ગામના ૨૬ વર્ષીય વિનોદભાઈ હીરાભાઈ ભમાતે નોંધાવેલી ફરિયાદ અનુસાર, વર્ષ ૨૦૧૫માં બહેનના લગ્ન માટે તેમના પિતા હીરાભાઈએ બટાકવાડા ગામના રત્નાભાઈ હકરાભાઈ રજાત પાસેથી ૧૦ ટકાના માસિક વ્યાજે રૂ. ૫૦ હજાર ઉછીના લીધા હતા. આ રકમ સામે ફરિયાદીના પિતાએ સમયાંતરે વ્યાજ પેટે જ કુલ રૂ. ૧.૧૦ લાખ ચૂકવી દીધા હતાં. આમ, મૂળ રકમ કરતાં બમણી રકમ ચૂકવી હોવા છતાં આરોપી અવારનવાર ઘરે આવી ગાળાગાળી કરી પઠાણી ઉઘરાણી કરતો હતો.

બીજી તરફ બે વર્ષ પહેલાં ફરિયાદીના પિતાનું કુદરતી મૃત્યુ થયું હતું, પરંતુ આરોપી રત્નાભાઈનો ત્રાસ અટક્યો ન હતો. અવારનવાર વિનોદભાઈના ઘરે જઈને ધમકાવતો હતો કે, “હજુ પણ વ્યાજ સાથે રૂ. ૨.૪૫ લાખ આપવાના બાકી નીકળે છે, જો પૈસા નહીં આપો તો જીવવા નહીં દઈએ”. વ્યાજખોર દ્વારા આપવામાં આવતી જાનથી મારી નાખવાની ધમકીઓ અને અસહ્ય માનસિક ત્રાસથી કંટાળીને આખરે યુવકે સંતરામપુર પોલીસ મથકે આરોપી રત્નાભાઈ રજાત વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની ઉષા નર્સિંગ હોમ ખાતે ફાયર બ્રિગેડ દ્વારા અવેરનેસ ટ્રેનિંગ યોજાઈ

**આણંદ** | આણંદના ઉષા નર્સિંગ હોમ ખાતે ફાયર બ્રિગેડ દ્વારા હોસ્પિટલના સ્ટાફ અને ડોક્ટરો માટે ફાયર સેફ્ટી ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલીમમાં અગ્નિશામક યંત્રનો ઉપયોગ, રેસ્ક્યુ પદ્ધતિઓ અને બિલ્ડિંગની ફિક્સ ફાયર સિસ્ટમ વિશે પ્રેક્ટિકલ સમજૂતી આપવામાં આવી હતી. ફાયર ઓફિસરના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓને આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આવી જાગૃતિ દ્વારા ભવિષ્યમાં થતી મોટી દુર્ઘટનાઓને અટકાવી શકાય તેવો ઉદ્દેશ્ય વ્યક્ત કરવામાં આવ્યો હતો.



### મહીસાગરમાં ‘સબસે દૂર સબસે પહેલે’ સંકલ્પ સાથે જનભાગીદારી અભિયાન હેઠળ કેમ્પ યોજાયા

**સંતરામપુર** | મહીસાગરના હિરાપુર, સંઘરી અને પાનમ પાલ્લા સહિતના વિવિધ કલસ્ટરોમાં છેવાડાના નાગરિકોને ઘરઆંગણે સરકારી યોજનાઓના લાભ આપવા માટે સેચ્યુરેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મહેસૂલ અને પંચાયત વિભાગ દ્વારા સ્થળ પર જ નવા રેશનકાર્ડ, આધારકાર્ડમાં સુધારા અને જાતિના પ્રમાણપત્રો કાઢી આપવાની પ્રશંસનીય કામગીરી હાથ ધરાઈ હતી. આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્માન કાર્ડ અને મિશન ઇન્દ્રધનુષ જેવી સેવાઓ અપાઈ, જ્યારે સામાજિક સુરક્ષા વિભાગે પાત્રતા ધરાવતા લાભાર્થીઓને શોધી સ્થળ પર જ વિધવા અને વૃદ્ધ પેન્શનના લાભ આપ્યા હતા.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### વડોદરા બેંક ઓફ ઇન્ડિયાના કિશોર સોનારને પ્રતિષ્ઠિત ‘રાજભાષા નિરાલા એવોર્ડ’ એનાયત




**આણંદ** | આણંદની નગર રાજભાષા સમિતિ દ્વારા આયોજિત સમારંભમાં બેંક ઓફ ઇન્ડિયા, વડોદરાના મેનેજર કિશોર સોનારને ‘રાજભાષા નિરાલા એવોર્ડ ૨૦૨૫’ એનાયત કરવામાં આવ્યો છે. બેંક ઓફ બરોડાના રિજિયોનલ મેનેજર સુજીત કુમારના હસ્તે હિન્દી અને સ્થાનિક ભાષાના પ્રચાર-પ્રસારમાં નોંધપાત્ર યોગદાન બદલ આ સન્માન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ સરકારી કચેરીઓના અધિકારીઓની ઉપસ્થિતિમાં રાજભાષા સંગોષ્ઠિ અને પ્રશ્નોત્તરી સ્પર્ધાનું પણ સુંદર આયોજન કરાયું હતું.

### સુરતના ચિત્ર શિક્ષક અજય પટેલનું રાજ્ય કક્ષાએ ‘વિશિષ્ટ શિક્ષક એવોર્ડ’ થી સન્માન

**આણંદ** | આણંદમાં ગુજરાત રાજ્ય ચિત્રકલા શિક્ષક સંઘ દ્વારા આયોજિત ૨૪મા એવોર્ડ સમારોહમાં સુરતની પુનાવાલા સ્કૂલના શિક્ષક અજય પટેલનું રાજ્યના વિશિષ્ટ શિક્ષક તરીકે સન્માન કરાયું હતું. તેમણે શિક્ષણ અને કલા ક્ષેત્રે મેળવેલી વિવિધ સિદ્ધિઓની નોંધ લઈ સંઘ દ્વારા આ પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્ધિ બદલ તેમણે શાળા, ધોડિયા-આદિવાસી સમાજ અને વતન કેસલી ગામનું નામ રાજ્ય કક્ષાએ ગૌરવવંતું કર્યું છે. તેમની આ ગૌરવશાળી ઉપલબ્ધિ બદલ શાળા પરિવાર અને ગામના આગેવાનોએ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.



### આણંદમાં વરિષ્ઠ વડીલોનું ભવ્ય સન્માન: ‘પુષ્પદીપ વડીલ વંદના’ કાર્યક્રમ સંપન્ન




**આણંદ** | ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સિનિયર સિટીઝન ફોરમ, આણંદ દ્વારા પ્રમુખ ચીમનભાઈ એ. પટેલના અધ્યક્ષસ્થાને અને બ્રહ્માકુમારી બહેનોની વિશેષ ઉપસ્થિતિમાં ‘પુષ્પદીપ વડીલ વંદના’ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ૭૫થી ૧૦૦ વર્ષની વયના વરિષ્ઠ વડીલોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી દબદબાભેર સન્માન કરી તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ડો.પ્રકાશભાઈ ગજ્જર દ્વારા બી-૧૨ ગોળીઓનું વિતરણ કરાયું હતું અને મંત્રી ભાનુભાઈ પટેલે માતૃદિન નિમિત્તે જીવનમાં માતાના મહત્વ વિશે સમજૂતી આપી હતી.

### ઓર્લેન્ડોમાં દોઢ હજાર ગુજરાતીની ઉપસ્થિતિમાં ‘મધર ડે’ નિમિત્તે ભવ્ય ‘માતૃવંદના’ કાર્યક્રમ યોજાયો

**આણંદ** | ગુજરાતી સોસાયટી ઓફ સેન્ટ્રલ ફ્લોરિડા-ઓર્લેન્ડો દ્વારા ‘મધર ડે’ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત માતાઓ અને બહેનોનું ગુલાબના ફૂલ આપી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન જયેશભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, પી.વી. પટેલ સહિતના અગ્રણીઓના માર્ગદર્શન હેઠળ આશરે દોઢ હજાર જેટલા ગુજરાતીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.. આ કાર્યક્રમમાં જાણીતા ગાયિકા વત્સલા પાટીલ અને સ્મિતાબેનના સુમધુર ગીતોની રમઝટ બોલાવી હતી. આ સફળ આયોજનમાં બીએપીએસના પ્રતિનિધિઓ અને સ્થાનિક ટ્રસ્ટીઓએ હાજર રહીને માતૃશક્તિને વંદન કરી કાર્યક્રમની શોભા વધારી હતી.



### વિશ્વ લોહાણા મહાપરીષદના મધ્ય ગુજરાત ઝોન-૨ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી

**આણંદ** | વિશ્વ લોહાણા મહાપરીષદ દ્વારા વર્ષ ૨૦૨૬થી ૨૦૩૧ ના કાર્યકાળ માટે મધ્ય ગુજરાત ઝોન-૨ ના પ્રમુખ તરીકે શ્રી પરેશભાઈ ઠક્કર અને સેક્રેટરી તરીકે ભરતભાઈ ઠક્કરની નિમણૂંક કરવામાં આવી છે. આણંદ-ખેડા રીજીયનમાં અનેક મહાજનોની સ્થાપના અને સામાજિક સેવા ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર આ બંને આગેવાનો હવે વડોદરા, ભરુચ અને પંચમહાલ સહિતના જિલ્લાઓમાં સંગઠન કાર્ય સંભાળશે. તેમના નેતૃત્વમાં રઘુવંશી સમાજમાં એકતા, શિક્ષણ અને સેવાના પ્રકલ્પોને નવી ઊંચાઈઓ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે. સંસ્થાના પ્રમુખ સતિષભાઈ વિઠલાણીના માર્ગદર્શન હેઠળ થયેલી આ વરણીને સમગ્ર રઘુવંશી લોહાણા સમાજે વધાવી લીધી છે.



### નડિયાદ ભારત વિકાસ પરિષદના વર્ષ ૨૦૨૬-૨૭ માટેના નવા હોદ્દેદારોની વરણી



**નડિયાદ** | નડિયાદમાં યોજાયેલી ભારત વિકાસ પરિષદની વાર્ષિક સભામાં પ્રાંત સહ મંત્રી કુમુદ ગોર દ્વારા નવી કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે અમિત સોની, મંત્રી તરીકે તેજલભાઈ પંડ્યા અને ખજાનચી તરીકે દિવ્યેશ શાહની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે શાખા પ્રભારી મૌલીક શાહે પ્રાસંગિક ઉદ્દબોધન દ્વારા ઉપસ્થિત સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો. નવી ટીમમાં સ્થાપક પ્રમુખ ઉમેશ ઢગટ, ઉપ પ્રમુખ કિરીટ શાહ અને મહિલા સંયોજિકા કૃતિબેન પટેલ સહિત અન્ય કારોબારી સભ્યોની નિમણૂક કરાઈ છે.

### ઓડ ખાતે ‘વિશ્વ પરિવાર દિન’ નિમિત્તે ‘સંબંધોની સરિતા - પારિવારિક સમતા’ કાર્યક્રમ યોજાયો



**આણંદ** | ઓડમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા વિશ્વ પરિવાર દિન નિમિત્તે ‘સંબંધોની સરિતા - પારિવારિક સમતા’ વિષય પર વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રહ્માકુમારી રૂપલબેન અને બંસીબેનની નિશ્રામાં યોજાયેલા આ પ્રસંગે જણાવાયું હતું કે, પરિવાર એ પ્રેમ, વિશ્વાસ અને સંસ્કારોનું જીવંત મંદિર છે. આ કાર્યક્રમમાં અહંકાર છોડી આત્મીયતા વધારવા અને સાચા પ્રેમ તથા સહયોગથી ઘરને મંદિર બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ અમૂલ્ય લ્હાવાનો લાભ લેવા માટે ઓડ તથા આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં યુવાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### આણંદના પ્રતાપપુરામાં સેવા - સમર્પણનો ત્રિવેણી સંગમ સાથે 51 નવદંપતીએ પ્રભુતામાં પગલાં પાડ્યા

**આણંદ** | આણંદના ખંભોળજ પાસેના પ્રતાપપુરા ગામે પરિશ્રમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત દ્વિતીય ભવ્ય સમૂહ લગ્નમાં 51 નવદંપતીઓએ શાસ્ત્રોક્ત વિધિથી નવા જીવનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે વિવિધ સામાજિક અને રાજકીય અગ્રણીઓએ ઉપસ્થિત રહી નવદંપતીઓને સુખી જીવનના આશીર્વાદ પાઠવ્યા હતા. લગ્ન પાછળ થતા બિનજરૂરી ખર્ચ અટકાવી જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવાના ઉમદા હેતુથી આ સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ રાજેશભાઈ સોલંકીએ આ ભવ્ય સફળતા બદલ તમામ દાતાઓ, સ્વયંસેવકો અને ગ્રામજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



### ખેડા તાલુકાના રઢુ ગામના ક્ષત્રિય આગેવાને જૈન સંતોની નિ:સ્વાર્થ સેવા કરી

**ખેડા** | ખેડા-ધોળકા રોડ પર આવેલ રઢુ નૂતન વિદ્યાલયના નરેન્દ્રસિંહ વાઘેલા વર્ષોથી અહીંથી પસાર થતા જૈન સાધુ-સાધ્વીજીઓ માટે નિવાસ અને ઉકાળેલા પાણીની ઉત્તમ વ્યવસ્થા કરી રહ્યા છે. ક્ષત્રિય સમાજના હોવા છતાં, તેઓ જૈન ગુરુ ભગવંતો માટે ગૌચરી અને રસોડા માટેની જગ્યા પણ અત્યંત ભાવપૂર્વક અને નિ:સ્વાર્થ ભાવે પૂરી પાડે છે. તેમની આ સેવાકીય પ્રવૃત્તિ અને ધાર્મિક ભાવને જોઈને અનેક આચાર્ય ભગવંતો અને સાધુ-સંતો તેમને હૃદયપૂર્વક અનુમોદના અને આશીર્વાદ પાઠવી રહ્યા છે. વર્ષોથી ચાલતી તેમની આ સેવા માનવતા અને ધાર્મિક એકતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડે છે, જેની સમગ્ર વિસ્તારમાં પ્રશંસા થઈ રહી છે.

